**Notification**

***Regarding***

**Amendment to the Gujarat Epidemic Diseases, COVID-19 Regulations, 2020.**

**ગુજરાત રોગચાળા, કોવિડ-૧૯ વિનિયમો, ૨૦૨૦ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૩મી માર્ચ, ૨૦૨૧.

**રોગચાળા અધિનિયમ, ૧૮૯૭.**

**ક્રમાંક. જીપી/૧૩/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/જી:** રાજ્ય સરકારે રોગચાળા અધિનિયમ, ૧૮૯૭(સન ૧૮૯૭ના ૩જા) ની કલમ ૨, ૩, અને ૪થી મળેલી સત્તા હેઠળ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ. ૧૩મી માર્ચ, ૨૦૨૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીપી/૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/જી. થી ગુજરાત રોગચાળા, કોવિડ-૧૯ વિનિયમો, ૨૦૨૦ ઘડ્યા હતા;

અને છેલ્લા કેટલાક દિવસોથી કોવિડ-૧૯ કેસોની સંખ્યા સતત વધી રહી હોવાનું જણાય છે;

અને ગુજરાત રોગચાળા, કોવિડ-૧૯ વિનિયમો, ૨૦૨૦ની મુદત વધારવાની જરૂરિયાત છે;

અને રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં રોગના ફેલાવા પર નિયંત્રણ લાવવા માટે, ગુજરાત રોગચાળા, કોવિડ-૧૯ વિનિયમો, ૨૦૨૦ની મુદત વધારવાનો નિર્ણય કર્યો છે;

હવે, તેથી, રોગચાળા અધિનિયમ, ૧૮૯૭(સન ૧૮૯૭ના ૩જા) ની કલમ ૨, ૩, અને ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રોગચાળા, કોવિડ-૧૯ વિનિયમો, ૨૦૨૦ નીચે મુજબ સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, વિનિયમ ક્રમાંક.૧માં, ખંડ (૨)માં "અને તેની પ્રસિદ્ધિની તારીખથી એક વર્ષના સમયગાળા માટે અમલમાં રહેશે" એ શબ્દોને બદલે "અને સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી સન ૨૦૨૧ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી અમલમાં રહેશે" એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વનરાજસિંહ પઢારિયા,**

સરકારના નાયબ સચિવ.

-----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.